# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

**શૈક્ષણિક વર્ષ 2020-21 માટે**
**ધોરણ-12 : સમાજશાસ્ત્ર (139) (સામાન્ય પ્રવાહ)**
**વાર્ષિક પરીક્ષા**
**પ્રશ્નપત્રનું પરિરૂપ**

**સમય : 3 કલાક** | **કુલ ગુણ : 100**

**નોંધ :** આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મૉડરેટર્સના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મૉડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ્ હાર્દ/ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

**હેતુઓ પ્રમાણે ગુણભાર :**

| હેતુઓ | જ્ઞાન (K) | સમજ (U) | ઉપયોજન (A) | સંયોજન / કૌશલ્ય (S) | કુલ |
|---|---|---|---|---|---|
| ગુણ | 40 | 37 | 13 | 10 | 100 |
| ટકા | 40 | 37 | 13 | 10 | 100 |

**પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :**

| ક્રમાંક | પ્રશ્નનો પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | | કુલ ગુણ |
|---|---|---|---|---|
| | | જનરલ વિકલ્પ વિના | જનરલ વિકલ્પ સાથે | |
| 1. | હેતુલક્ષી પ્રશ્નો (O) | 15 | 15 | 15 |
| 2. | અતિ ટૂંક જવાબી પ્રશ્નો (VSA) | 15 | 15 | 15 |
| 3. | ટૂંક જવાબી પ્રશ્નો (SA) | 10 | 14 | 20 |
| 4. | લાંબા પ્રશ્નો (LA) | 10 | 14 | 30 |
| 5. | નિબંધ પ્રકારના પ્રશ્નો (EA) | 04 | 06 | 20 |
| | કુલ | **54** | **64** | **100** |

**પ્રકરણ દીઠ ગુણભાર :**

| ક્રમ | પાઠ / પ્રકરણનું નામ | પ્રકરણદીઠ ગુણભાર | |
|---|---|---|---|
| | | જનરલ વિકલ્પ વિના ગુણ | જનરલ વિકલ્પ સાથે ગુણ |
| 1. | -- | -- | -- |
| 2. | ભારતીય સંસ્કૃતિ અને સમુદાય | 15 | 19 |
| 3. | અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગો | 12 | 14 |
| 4. | સ્ત્રી સશક્તિકરણ | 14 | 19 |
| 5. | -- | -- | -- |
| 6. | સમૂહસંચારનાં માધ્યમો અને સમાજ | 15 | 19 |
| 7. | સામાજિક આંદોલન | 14 | 19 |
| 8. | -- | -- | -- |
| 9. | સામાજિક ધોરણભંગ, બાળ અપરાધ અને યુવાઅજંપો | 15 | 20 |
| 10. | સામાજિક સમસ્યાઓ | 15 | 20 |
| | કુલ | **100** | **130** |

**નોંધ :** ● જનરલ વિકલ્પ સાથે દર્શાવેલ પ્રશ્નના ગુણ નમૂનાના પ્રશ્નપત્ર પ્રમાણે દર્શાવેલ છે. અન્ય પ્રશ્નપત્ર માટે આ ગુણ અલગ હોઈ શકે છે.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

**શૈક્ષણિક વર્ષ 2020-21 માટે**
**ધોરણ-12 : સમાજશાસ્ત્ર (139) (સામાન્ય પ્રવાહ)**
**વાર્ષિક પરીક્ષા**

**સમય : 3 કલાક** | **પ્રશ્નપત્રનું માળખું** | **કુલ ગુણ : 100**

| પ્રશ્ન ક્રમ | વિભાગ તથા પ્રશ્નની વિગત | ગુણ |
|---|---|---|
| 1 થી 15 | **વિભાગ - A**<br>નીચેના પ્રત્યેક પ્રશ્નોમાં આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી સાચો ઉત્તર આપો. (દરેકનો 1 ગુણ) | 15 |
| 16 થી 30 | **વિભાગ - B**<br>નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો. (દરેનો 1 ગુણ) | 15 |
| 31 થી 44 | **વિભાગ - C**<br>નીચે આપેલા 14 પ્રશ્નોમાંથી કોઈપણ 10 પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (દરેકના 2 ગુણ) | 20 |
| 45 થી 58 | **વિભાગ - D**<br>નીચે આપેલા 14 પ્રશ્નોમાંથી કોઈપણ 10 પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો. (દરેકના 3 ગુણ) | 30 |
| 59 થી 64 | **વિભાગ - E**<br>નીચે આપેલા 6 પ્રશ્નોમાંથી કોઈપણ 4 પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો. (દરેકના 5 ગુણ) | 20 |
| | **કુલ** | **100** |

**નોંધ :** ગુ.મા.ઉ.મા.શિ. બોર્ડ દ્વારા શૈક્ષણિક વર્ષ 2020-21 માટે અભ્યાસક્રમના રદ કરેલા પ્રકરણ/મુદ્દાઓમાંથી પ્રશ્નો પૂછવા નહીં.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

**શૈક્ષણિક વર્ષ 2020-21 માટે**
**ધોરણ-12 : સમાજશાસ્ત્ર (139) (સામાન્ય પ્રવાહ)**
**વાર્ષિક પરીક્ષા**

**સમય : 3 કલાક** **નમૂનાનું પ્રશ્નપત્ર** **કુલ ગુણ : 100**

## વિભાગ - A

- **નીચેના પ્રત્યેક પ્રશ્નોમાં આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી સાચો ઉત્તર આપો. (દરેકનો 01 ગુણ) [15]**

(1) ભારતીય સંસ્કૃતિનો દૃષ્ટિકોણ કેવો છે ?
(A) વૈશ્વિક (B) સ્થાનિક (C) સંકુચિત (D) આપેલા પૈકી એક પણ નહિ

(2) પારસીઓનું ધાર્મિક પુસ્તક કયું છે ?
(A) શ્રીમદ્ ભગવદ્ગીતા (B) કુરાન-એ-શરીફ (C) અવેસ્તા (D) ત્રિપિટક

(3) અનુસૂચિત જાતિનું સૌથી વધુ પ્રમાણ કયા રાજ્યમાં છે ?
(A) પંજાબ (B) અરૂણાચલ પ્રદેશ (C) બિહાર (D) મેઘાલય

(4) ‘ટોટમવાદ’ શેમાં જોવા મળે છે ?
(A) અનુસૂચિત જાતિ (B) અનુસૂચિત જનજાતિ (C) સવર્ણ (D) અન્ય પછાત વર્ગો

(5) ‘ચિરંજીવી યોજના’ કયા પ્રકારની યોજના છે ?
(A) શિક્ષણ (B) આર્થિક
(C) આરોગ્ય અને પરિવાર કલ્યાણ (D) સામાજિક ન્યાય અને અધિકારીતા

(6) મહિલા સશક્તિકરણનાં લક્ષણો કોણે આપ્યાં છે ?
(A) મહાત્મા ગાંધી (B) સ્વામી વિવેકાનંદ (C) ડૉ. ચંદ્રિકાબહેન રાવલ (D) આપેલ પૈકી એકપણ નહિ

(7) ભારતમાં મોબાઈલ સેવાનો પ્રારંભ ક્યારે થયો ?
(A) 15 ઑગસ્ટ, 1995 (B) 15 ઑગસ્ટ, 1985 (C) 15 ઑગસ્ટ, 1975 (D) 15 ઑગસ્ટ, 2005

(8) ચલચિત્રની ટૅક્નોલોજીની શોધ કોણે કરી હતી ?
(A) ગુટેનબર્ગ (B) માર્કોની (C) થોમસ આલ્વા એડિસન (D) જ્યોર્જ ઈસ્ટમેન

(9) ગુજરાતમાં સુધારાવાદી આંદોલન કોણે ચલાવ્યું હતું ?
(A) રાજા રામમોહન રાય (B) કવિ નર્મદ (C) કરસનદાસ મૂળજી (D) મહર્ષિ કર્વે

(10) કયા પ્રકારનું આંદોલન નૈતિકતા સાથે જોડાયેલું હોય છે ?
(A) વિરોધાત્મક સામાજિક આંદોલન (B) ક્રાંતિકારી સામાજિક આંદોલન
(C) સુધારાવાદી સામાજિક આંદોલન (D) પ્રતિરોધાત્મક સામાજિક આંદોલન

(11) ‘ઘરેલું હિંસા અધિનિયમ’ ક્યારે અમલમાં આવ્યો ?
(A) ઈ.સ. 2004 (B) ઈ.સ. 2005 (C) ઈ.સ. 2006 (D) ઈ.સ. 2007

(12) કયા સમાજશાસ્ત્રી ધોરણભંગને સમાજ દ્વારા સ્વીકારેલ નિયમોના ભંગ તરીકે ઓળખાવે છે ?
(A) હોર્ટન અને હેન્ટ (B) માર્શલ કિલનાર્ડ (C) હાવર્ડ બેકર (D) રોબર્ટ મર્ટન

(13) એઈડ્સની સમસ્યામાં ભારત વિશ્વમાં કેટલામું સ્થાન ધરાવે છે ?
(A) બીજું (B) ત્રીજું (C) ચોથું (D) પાંચમું

(14) 'ધી સોશિયોલોજી ઑફ સોશિયલ પ્રોબ્લેમ' નામનું પુસ્તક કોણે લખ્યું હતું ?

(A) પી. બી. હોર્ટન અને જી.આર. લેસ્લી (B) રિચાર્ડ સી. ફૂલર અને રિચાર્ડ માયર્સ

(C) ડૉ. નીરા દેસાઈ (D) ડૉ. કૌશિક શુકલ

(15) એચ.આઈ.વી. ગ્રસ્ત પીડિતોની સંખ્યામાં કયો દેશ પ્રથમ નંબરનું સ્થાન ધરાવે છે ?

(A) નાઈજીરિયા (B) ભારત (C) દક્ષિણ આફ્રિકા (D) અમેરિકા

## વિભાગ - B

- **નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો (દરેકનો 01 ગુણ)** **[15]**

(16) લોક સંસ્કૃતિનાં અંગો કયા-કયા છે ?

(17) હિન્દુ ધર્મનાં કયા ત્રણ મહત્ત્વના સિદ્ધાંતો છે ?

(18) પછાતપણાનો અર્થ આપો.

(19) કઈ આદિજાતિઓ સભ્ય સમાજનાં લોકો સાથે પણ વસવાટ કરે છે ?

(20) 'લિંગ પ્રમાણ' એટલે શું ?

(21) ભારતનાં બંધારણની મુખ્ય ત્રણ બાબતો જણાવો.

(22) પી.ટી.આઈ.નું પૂરું નામ જણાવો.

(23) 'ઈન્ટરનેટ સર્વર' કોને કહે છે ?

(24) આંદોલનનો ઉદ્દેશ જણાવો.

(25) સમાજમાં કયા બે પ્રકારના સમૂહ હોય છે ?

(26) 'રિમાન્ડ હોમ' એટલે શું ?

(27) સમાજમાં ધોરણભંગ ક્યારે થાય છે ?

(28) અપરાધી વર્તન કોને કહેવાય ?

(29) 'ઓનર કિલિંગ' કોને કહેવાય ?

(30) 'એનોમીની પરિસ્થિતિ' એટલે શું ?

## વિભાગ - C

- **નીચેના પ્રશ્નોમાંથી કોઈપણ 10 પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (દરેકના 02 ગુણ)** **[20]**

(31) લોક સંસ્કૃતિનાં ઉદાહરણો દર્શાવો.

(32) પારસી સમુદાયની સમજૂતી આપો.

(33) જાદુના પ્રકારો જણાવો.

(34) મહિલા સશક્તિકરણની વ્યાખ્યા આપો.

(35) ગાંધીજીએ મહિલા સશક્તિકરણનું સામાજિક મહત્ત્વ કઈ રીતે સમજાવ્યું હતું ?

(36) પારસ્પરિક સંચાર કોને કહવાય ?

(37) ટેલિવિઝન શાથી પ્રભાવશાળી માધ્યમ ગણાય છે ?

(38) સામાજિક આંદોલન કઈ રીતે જન્મે છે ?

(39) સુધારાવાદી સામાજિક આંદોલન કયું કાર્ય કરે છે ?

(40) 'પ્રોબેશન' એટલે શું ?

(41) બાળ અપરાધની વ્યાખ્યા લખો.

(42) એઈડ્સ કેવી રીતે ફેલાય છે ?

(43) 'અસમાન જાતિપ્રમાણ' એટલે શું ?

(44) ભારતની કોઈપણ ચાર આદિમજાતિનાં નામ આપો.

## વિભાગ - D

- **નીચે આપેલ પ્રશ્નોમાંથી કોઈપણ 10 પ્રશ્નોના જવાબ મુદ્દાસર આપો.** (દરેકના 03 ગુણ) **[30]**

(45) આદિવાસી કલાસંસ્કૃતિની સમજૂતી આપો.

(46) બૌદ્ધ સમુદાયની સમજૂતી આપો.

(47) અનુસૂચિત જાતિ (S.C.)ની બંધારણીય જોગવાઈઓ જણાવો.

(48) અન્ય પછાત વર્ગ વિશે નોંધ લખો.

(49) મહિલા સશક્તિકરણનાં લક્ષણો જણાવો.

(50) ગુજરાતમાં મહિલાઓ માટેની સામાજિક કલ્યાણના હેતુઓની યોજનાઓ જણાવો.

(51) પરંપરાગત સંચાર માધ્યમોનો ટૂંકો પરિચય આપો.

(52) સંચાર માધ્યમોની સમાજજીવન પર અસરો સમજાવો.

(53) 'સ્વચ્છતા અભિયાન' વિગતે સમજાવો.

(54) બોસ્ટલ શાળાઓ વિશે ટૂંકનોંધ લખો.

(55) ટૂંકનોંધ લખો - બાળ અદાલત.

(56) એઈડ્સ નિયંત્રણ કઈ રીતે કરી શકાય ? સ્પષ્ટ કરો.

(57) અસમાન જાતિ પ્રમાણની સમસ્યાની વિપરીત અસરો વર્ણવો.

(58) પ્રતિરોધાત્મક સામાજિક આંદોલન વિશે માહિતી આપો.

## વિભાગ - E

- **નીચે આપેલ પ્રશ્નોમાંથી કોઈપણ 04 (ચાર) પ્રશ્નોના જવાબો સવિસ્તાર આપો.** (દરેકના 05 ગુણ) **[20]**

(59) શહેર સમુદાયનાં લક્ષણો સમજાવો.

(60) ભારતમાં મહિલા સશક્તિકરણ માટેના શૈક્ષણિક અને આર્થિક કાર્યક્રમોની જાણકારી આપો.

(61) મુદ્રિત માધ્યમોની સમજૂતી આપો.

(62) સુધારાવાદી સામાજિક આંદોલન અને ક્રાંતિકારી સામાજિક આંદોલન વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

(63) યુવા અજંપાનો અર્થ સ્પષ્ટ કરી તેનાં કારણો સમજાવો.

(64) એઈડ્સનાં કારણોની છણાવટ કરો.